For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in





(તસવીરો : સતીષ જાદવ)







દીવાળીમાં રાત્રે બે વાગ્યા સુધી ફટાકડા ફૂટતા રહ્યા

ઘર-આંગણે રંગોળી અને દીવડાની રોશનીથી ઝળહળ્યા માર્ગો

સુરત : હિન્દુ ધર્મના પવિત્ર અને મહત્ત્વના તહેવાર દિવાળીની રવિવારે શહેરભરમાં ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી હતી. પ્રકાશના પર્વ તરીકે ઓળખાતા દિવાળીના તહેવારને લઈને શહેરના દરેક વિસ્તારમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ લોકોમાં તહેવારની ખુશી જોવા મળી હતી, જ્યારે સાંજ પડતાં જ ઘરો, દુકાનો અને સોસાયટીઓ દીવડાં તથા રોશનીથી ઝળહળી ઉઠ્યા હતા. હિન્દુવર્ષની અંતિમ રાત્રે બે વાગ્યા સુધી ફટાકડા ફૂટતાં રહ્યાં હતાં.

દિવાળીના પર્વ નિમિત્તે લોકોએ પરંપરાગત રીતે ઘરના આંગણામાં અને પ્રવેશદ્વાર પાસે રંગબેરંગી રંગોળી બનાવી હતી. અનેક ઘરોના આંગણે શુભ સાથિયા પૂરીને દિવડા પ્રગટાવવામાં આવ્યા હતા. રંગોળી અને દીવડાની સજાવટથી શહેરની સોસાયટીઓ અને મહોલ્લાઓમાં ઉત્સવનો માહોલ વધુ રંગીન બન્યો હતો. લોકોએ ઘરોમાં લાઇટિંગ અને આકર્ષક રોશનીની સજાવટ કરીને પ્રકાશના પર્વની ઉજવણી કરી હતી. દિવાળીના દિવસે નાના બાળકોથી લઈને વડીલો સુધી સૌએ નવા વસ્ત્રો પહેરીને તહેવારની ઉજવણી કરી હતી. પરિવારના સભ્યો એકબીજાને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી અને મીઠાઈ તથા ફરસાણની આપ-લે કરીને ખુશીઓ વહેંચી હતી. અનેક પરિવારોમાં લક્ષ્મી-ગણેશજીનું પૂજન કરી સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. સાંજના સમયે પરિવારજનો સાથે મળીને ફટાકડા ફોડીને દિવાળીની ખુશી વ્યક્ત કરી હતી. આકાશમાં રંગબેરંગી આતશબાજીથી રાત્રિનો નજારો આકર્ષક બન્યો હતો. દિવાળી પર્વ સાથે ધાર્મિક માન્યતાઓ પણ જોડાયેલી છે. માન્યતા મુજબ ભગવાન શ્રીરામે 14 વર્ષનો વનવાસ પૂર્ણ કર્યા બાદ લંકા પર વિજય મેળવી પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણ સાથે અયોધ્યા પરત ફર્યા હતા. ભગવાન શ્રીરામના અયોધ્યા આગમનની ખુશીમાં અયોધ્યા વાસીઓએ દીવડા પ્રગટાવી

અનુસંધાન પાના ૫ પર

દીવાળીમાં સુરત બન્યુ ગેસ ચેમ્બર

કાળી ચૌદશે એક ક્વોલિટી ઇન્ડેક્સ 200ને પાર કરી ગયો

સુરત : દીવાળીના તહેવારમાં સુરતની હવામાં ભારે પ્રદૂષણ જોવા મળ્યું હતું. કાળી ચૌદશે રાત્રે તો આ ઈન્ડેક્સ 200ને પાર કરી ગયો હતો. અડાજણ ગામમાં 7 નવેમ્બરે હવા સૌથી વધુ પ્રદૂષિત જોવા મળી હતી.

આ ઉપરાંત સોમેશ્વરા એન્કલેવ અને વેસુમાં પણ ભારે પ્રદૂષણ જોવા મળ્યું હતું. દીવાળીમાં ફટાકડા અને વાતાવરણમાં ઠંડકને કારણે શહેરની આ હાલત જોવા મળી હતી. આગામી દિવસોમાં પણ હવાનું પ્રદૂષણ વધે તેવી શક્યતા જોવા મળી રહી છે. જાણકારોના જણાવ્યા અનુસાર હાલમાં સુરતમાં વસ્તી 50 ટકા જેટલી જ છે તેના




કારણે પ્રદૂષણ થોડું કંટ્રોલમાં છે. જો કે આગામી દિવસોમાં ઈન્ડસ્ટ્રી ફરી શરુ થશે અને લોકો વતનથી પાછા આવી જશે એટલે પ્રદૂષણ 300ને પાર થઈ જાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

વિસ્તારો પ્રમાણે હવાની ગુણવત્તા

૧. ઔદ્યોગિક અને ભારે વાહનોની અવરજવરવાળા વિસ્તારોમાં ૨૨૦થી ૨૬૦ આસપાસ
૨. વ્યાપારી અને મુખ્ય હાઇવે/રોડ વિસ્તારો ૧૮૦થી ૨૨૦ની વચ્ચે
૩. રહેણાંક અને ખુલ્લા હરિયાળા વિસ્તારો ૧૨૦ થી ૧૭૦ (ખરાબ શ્રેણી) સુધી રહે છે।

વિસ્તાર	એક્યુઆઇ
અડાજણગામ	195
ભીમરાડ	178
ડભોલી	166
હજીરા	175
સોમેશ્વરા એન્ક્લેવ	178
વીઆઇપી રોડ	166



એર ક્વોલિટી માપદંડ

૦ - ૫૦: ઉત્તમ
૫૧ - ૧૦૦: મધ્યમ
૧૦૧ - ૨૦૦: ખરાબ
૨૦૧ - ૩૦૦: અસ્વાસ્થ્યક / ગંભીર
૩૦૧+: ખૂબ ગંભીર

છેલ્લા છ વર્ષનો AQI

2020	132
2021	120
2022	121
2023	118
2024	111
2025	113

દિવાળીમાં ફટાકડાના કારણે આગના 72થી વધુ બનાવ

ફટાકડાના તણખા અને શોર્ટ સર્કિટથી હાઇરાઇઝ બિલ્ડિંગથી લઈને કચરાના ઢગલામાં ભભૂકી આગ

સુરત:શહેરમાં દિવાળીના પર્વોની હર્ષોલ્લાસ સાથે ઉજવણી ચાલી રહી હતી ત્યારે ફટાકડાના છૂટાછવાયા તણખા અને શોર્ટ સર્કિટના કારણે આગના અકસ્માતોની હારમાળા સર્જાઈ હતી. સુરત ફાયર બ્રિગેડ વિભાગનો સ્ટાફ સતત સાવચેત રહીને સ્થળ પર દોડધામ કરતો જોવા મળ્યો હતો. ચોવિસ કલાક દરમિયાન ફટાકડાના કારણે આગના 72થી વધુ બનાવો ફાયર કંટ્રોલ રૂમના રેકોર્ડ મુજબ નોંધાયા હતા જેમાં આગ, શોર્ટ સર્કિટ અને ઇમરજન્સી રેસ્ક્યૂ સંબંધીત કોલોનો સમાવેશ થાય છે.જોકે, ફાયર જવાનોની સમયસૂચકતા, સતર્કતા અને ત્વરિત કામગીરીને આભારી છે કે કોઈ પણ પ્રકારની મોટી જાનહાનિ થવા પામી ન હતી અને પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ આવી ગઈ હતી.

રાત્રિથી સવાર સુધીમાં નોંધાયા કુલ 25 ઇમરજન્સી કોલ્સ

કંટ્રોલ રૂમ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આખી રાતમાં આવેલા કુલ 25 કોલ પૈકી સૌથી વધુ એટલે કે 12 જેટલા કોલ ખુલ્લા પ્લોટ, સૂકી ઝાડી-ઝાંખરા અને કચરાના ઢગલામાં આગ ભભૂકવાના હતા. આ સિવાય હાઇરાઇઝ બિલ્ડિંગો, રેસિડેન્શિયલ મકાનો અને વ્યાપારી દુકાનોમાં આગ લાગવાના 5 કોલ, ખુલ્લા ખેતરો તેમજ ગરીબ આવાસના ઝૂંપડાંમાં આગના 4 કોલ, ચાલુ વાહનોમાં આગ લાગવાના 2 કોલ ઉપરાંત ગેસ પાઇપલાઇન લીકેજ, વીજ ડીપી સ્પાર્કિંગ, બાથરૂમમાં અચાનક ફસાયેલા વ્યક્તિનું રેસ્ક્યૂ અને જીવજંતુ કે સાપ પકડવા જેવી વિવિધ આપાતકાલીન પરિસ્થિતિઓ માટે ફાયર ટીમો આખી રાત ફિલ્ડમાં સક્રિય રહી હતી.

વેસુ અને સિટીલાઇટની હાઇરાઇઝ ઇમારતોથી લઈને મકાનોમાં આગની ઘટનાઓ

શહેરના અત્યંત પોશ અને ગીચ વિસ્તારોમાં આવેલી ઊંચી હાઇરાઇઝ બિલ્ડિંગો પણ આગની અડફેટે આવી હતી. વેસુ વીઆઇપી રોડ ઉપર સ્થિત 'માઇલસ્ટોન એલિટિસ' ના ચોથા માળે અચાનક આગ ભભૂકી ઊઠી હતી, જ્યારે સિટીલાઇટ વિસ્તારમાં કોટક મહિન્દ્રા બેંકની ગલીમાં આવેલી 'ગોલ્ડન એવન્યુ' બિલ્ડિંગના આઠમા માળે પણ આગ લાગવાનો કિસ્સો સામે આવ્યો હતો. આ ઉપરાંત ડિંડોલીના દીપાલી પાર્ક (નીલગિરી પાસે) તેમજ પર્વત પાટિયા વિસ્તારમાં શુભમ હાઇટ્સ સામે આવેલી રાજ રેસિડેન્સીના એક મકાનમાં આગના બનાવો બન્યા હતા. ફાયર સ્ટાફે તાત્કાલિક સ્થળ પર પહોંચીને સમયસર આગ પર કાબૂ મેળવી લેતા મોટો અનર્થ ટળી ગયો હતો.

ગેસ પાઇપલાઇન લીકેજ અને વીજ ડીપીમાં સ્પાર્કિંગથી આગ

સુમુલ ડેરી રોડ ઉપર શાંતિનિકેતન સોસાયટી પાસે અચાનક ગેસ પાઇપલાઇન લીકેજ થતાં આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો, જોકે ફાયર સ્ટાફે ત્વરિત કાર્યવાહી કરીને ગેસ લાઈનનો પ્રવાહ નિયંત્રિત કરી લીધો હતો. વહેલી સવારે પાલનપુર ફાયર સ્ટેશનની બરાબર સામે આવેલા વીજ ડીપીમાં શોર્ટ સર્કિટ થવાથી તેમજ યોગીચોક પાસે જીઈબીના વીજ વાયરોમાં ભારે સ્પાર્કિંગ થવાથી આગ ભભૂકી હતી. આ ઉપરાંત ગૌરવપથ રોડ પર શિવ રિક્ષા પાસે આવેલા એક બંધ મેડિકલ સ્ટોરમાંથી ધુમાડો નીકળવાની ઘટના બનતા ફાયર બ્રિગેડે સમયસર પહોંચીને આગને સફળતાપૂર્વક હોરી દીધી હતી.

શેરડીના ખેતરો, ઝૂંપડાં અને રસ્તા પર પાર્ક કરેલા વાહનો આગની ઝપેટમાં

દાંડી રોડ પર આનંદ એમ્પાયર પાસે, જહાંગીરપુરા ખાતે વૈષ્ણોદેવી સ્કાય નજીક શેરડીના ઊભા ખેતરમાં તેમજ કામરેજ અંબાજી રોડ પરના ખેતરમાં આગ લાગી હતી. પીપલોદ રાહુલરાજ મોલની પાસે ઝાડની આસપાસ આવેલા ઝૂંપડાંમાં આગ લાગવાથી ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ સાથે જ પરવટ પાટિયા ચાર રસ્તા તથા મોટા વરાછા વિસ્તારમાં રોડ પર પાર્ક કરેલા વાહનોમાં પણ અચાનક આગ ભડકી ઊઠવાના બનાવો નોંધાયા હતા.

મોટા વરાછામાં ફ્લેટમાં લાગેલી આગે બે ઘરને લપેટમાં લીધા

સાંજે 4 કલાકે શહેરનાં મોટા વરાછા સ્થિત પેડર રોડ તાપી કિનારે રિવરવ્યુ અપાર્ટમેન્ટનાં 12માં માળ ઉપર આવેલાં જોઇન્ટ ફ્લેટનં-1201-02માં આગ ભભૂકી ઊઠી હતી. વિકરાળ બનેલી આગમાં સંપૂર્ણ ફ્લેટ લપેટમાં આવી ગયો હતો. આગ એટલી જલ્દીથી ફેલાઈ હતી કે બાજુના બે ફ્લેટનં-1203-04 પણ લપેટમાં આવી ગયાં હતાં, આ ફ્લેટમાંથી ફાયર બ્રિગેડની ટીમે ત્રણ જણાને રેસ્ક્યુ કર્યા હતા. બીજી તરફ આગ લાગવાને કારણે ઉપરનાં ફ્લોર ઉપર પણ બાળક, વૃદ્ધા અને મહિલા સહિત 5 લોકોને ફાયર બ્રિગેડની ટીમે સલામત રીતે રેસ્ક્યુ કરવામાં આવ્યાં હતાં. મોટા વરાછા ફાયર સબ ઓફિસર સિધ્ધાર્થ ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે, આગ ખૂબ જ વિકરાળ હોવાને કારણે 4 જેટલાં અલગ-અલગ ફાયર બ્રિગેડોની ટીમ સહિત એમ્બ્યુલન્સ તથા 2 હાઇડ્રોલિક ટીટીએલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આગ લાગવાના આ બનાવમાં બિલ્ડિંગમાથી કુલ 8 વ્યક્તિઓનાં રેસ્ક્યુ કરવામાં આવ્યાં હતાં. વધુમાં 12માં માળનાં જોઇન્ટ ફ્લેટ સંપૂર્ણ રીતે બળીને ખાખ થઇ ગયો હોવાનુ પણ ફાયર બ્રિગેડનાં સૂત્રોએ ઉમેર્યું હતુ.



(તસવીરો : સતીષ જાદવ)

મોટુ બન્યા પછી પણ ઉધનાના હોલ્ડિંગ એરિયામાં પગ મૂકવાની જગ્યા નથી

દિવાળી પર તૂટ્યો રેકોર્ડ, એક દિવસમાં 40 હજારે કર્યો પ્રવાસ

હોલ્ડિંગ એરિયાથી ઉધનાથી 11 દિવસમાં યુપી-બિહાર માટે 2.42 લાખ મુસાફર રવાના

સુરતઃ દિવાળી અને છઠ પૂજા પર ઉત્તરપ્રદેશ અને બિહાર જતા મુસાફરોની ભીડ આ વર્ષે 29 ઓક્ટોબરથી જ ઉધના રેલવે સ્ટેશન પર ઊમટવા લાગી હતી. મુસાફરોની વધતી સંખ્યાને જોતા બનાવવામાં આવેલો વિશાળ હોલ્ડિંગ એરિયા પણ 29 ઓક્ટોબરથી શરૂ કરી દેવામાં આવ્યો હતો. આમ છતાં તહેવાર નજીક આવતા જ સ્ટેશન પર મુસાફરોનું દબાણ સતત વધતું ગયું. ભીડને નિયંત્રિત કરવા માટે વધારાની ટ્રેનોના સંચાલનથી લઈને સુરક્ષા અને ટિકિટ વ્યવસ્થા સુધીની સુવિધા ઊભી કરાઈ હતી.

ઉધના સ્ટેશનથી 29 ઓક્ટોબરથી 8 નવેમ્બર સુધી માત્ર 11 દિવસમાં યુપી-બિહાર તરફ કુલ 2,42,646 મુસાફર રવાના થયા. દરમિયાન 31 નિયમિત

અનુસંધાન પાના ૫ પર

સુરતમાં રાત્રિનું તાપમાન ઘટીને 21 ડિગ્રી નોંધાયું

દિવાળી બાદ ધીમે ધીમે ઠંડીના આગમનના સંકેત

સુરતઃ સુરત શહેરમાં ઠંડીના આગમનના સંકેત મળવા લાગ્યા છે. રાતના તાપમાનમાં એક જ દિવસમાં બે ડિગ્રીનો ઘટાડો થતાં વહેલી સવારે ઠંડકનો અનુભવ થયો હતો. જોકે, દિવસનું મહત્તમ તાપમાન યથાવત રહેતાં બપોરે ગરમીનો અહેસાસ પણ રહ્યો હતો. નવેમ્બર મહિનો શરૂ થઈ ગયા બાદ પણ શિયાળો જામતો ન હતો. પરંતુ હવે રાત્રે અને વહેલી સવારે ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

હવામાનમાં આવેલા ફેરફાર વચ્ચે સુરતનું લઘુત્તમ તાપમાન ગઈકાલની સરખામણીએ બે ડિગ્રી ગગડીને 21 ડિગ્રી નોંધાયું હતું. બીજી તરફ મહત્તમ તાપમાન 36.8 ડિગ્રી નોંધાયું હતું, જે ગઈકાલ જેટલું જ રહ્યું હતું. હવામાં ભેજનું પ્રમાણ 47 ટકા નોંધાયું હતું. ઉલ્લેખનીય છે કે સામાન્ય રીતે દિવાળી બાદ સુરતમાં ઠંડીની શરૂઆત થતી હોય છે. જોકે, નવેમ્બર મહિનામાં પણ અત્યાર સુધી દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ થઈ રહ્યો હતો. હવે રાતના તાપમાનમાં ઘટાડો શરૂ થતાં ઋતુ પરિવર્તનના સંકેત મળી રહ્યા છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડક અનુભવાવા લાગી છે. હવામાનમાં આગામી દિવસોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર કેવી રહે છે તેના પર પણ ઠંડીનો મદાર રહેશે. જો હવામાનની સ્થિતિ અનુકૂળ રહેશે તો આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થવાની સાથે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ધીમે ધીમે ઠંડીનું પ્રમાણ વધવાની શક્યતા છે. ખાસ કરીને સુરતની વાત કરીઓ તો પાલનપુર પાટિયા છોડ્યા બાદ અને પીપલોદ ક્રોસ કર્યા પછી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. તેમ છતાં નવેમ્બર મહિનામાં જેવી ઠંડી જોઈએ તેવી પડી નથી. એટલે હાલમાં જે રીતે તાપમાન ઘટી રહ્યું છે તે જોતાં દીવાળી પછી શિયાળો તેના અસલી મિજાજમાં આવી જાય તેવા સંકેત મળી રહ્યાં છે.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

૧૮ મી પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ | ૧૩ મી પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. નગીનભાઈ મફતભાઈ પટેલ (રૂંદ મગદલ્લા) સ્વ. તા. ૦૯-૧૧-૨૦૦૮

સ્વ. જમુભાઈ ગોવિંદભાઈ પટેલ (ભીમરાડ) સ્વ. તા. ૦૮-૦૩-૨૦૧૩

પુરૂષાર્થ કરી, શૂન્યમાંથી સર્જન કરી, કષ્ટ સહન કરીને પરીવાર માટે ફૂલો પાથરી ગયા, સુખથી છલકાયા નહીં, દુઃખથી ડર્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, ધર્મ કદી ચૂક્યા નહીં, રડી પડે છે આંખો અમારી જોઈને તસ્વીર તમારી. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

ગં.સ્વ.રમણબેન નગીનભાઈ પટેલ

ભીખુભાઈ નગીનભાઈ પટેલ	સુમિત્રાબેન ભીખુભાઈ પટેલ
દિપકભાઈ નગીનભાઈ પટેલ	અમિષાબેન દિપકભાઈ પટેલ
હિતેશભાઈ ભીખુભાઈ પટેલ	ઝંખનાબેન હિતેશભાઈ પટેલ
ધર્મેશભાઈ ભીખુભાઈ પટેલ	નિકીતાબેન ધર્મેશભાઈ પટેલ
આશિષભાઈ ભીખુભાઈ પટેલ	મેઘનાબેન આશિષભાઈ પટેલ
ચારૂલભાઈ ભીખુભાઈ પટેલ	શ્વેતાબેન ચારૂલભાઈ પટેલ

ફેનિલકુમાર દિપકભાઈ પટેલ

ક્રિષ્ણા – પ્રથા – સાનિયા – હરીયક્ષ – વીર – અયાન – દિયાંશ – જેહા – ત્રિવાંશ

નિવાસસ્થાન : ''ક્રિષ્ણા'' આઝાદ સ્ટ્રીટ, રૂંદ (મગદલ્લા), પ્રાથમિક શાળાની સામે, સુરત.

આઠમી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ.નિર્મળાબેન રમણલાલ પટેલ
(રિટા. સ્કુલ ટીચર) સ્વ.તા. ૯-૧૧-૨૦૧૮

Miss You Mummy

લિ. સ્વ. રમણલાલ છગનલાલ પટેલ (R.C. Patel)

ચિરાગ રમણલાલ પટેલ -પુત્ર (RC) | ભૂમિકા કશ્યપ પટેલ (પુત્રી)
વૈશાલી ચિરાગ પટેલ (પુત્રવધુ) | કશ્યપ ગિરીશભાઈ પટેલ (જમાઈ)

(આર્યા, ધૈર્ય, દર્શ, તથા સમસ્ત પરિવાર)

Shree SaiKrupa Aquaculture | Shree SaiLeela Aquaculture
Shree SaiRC Aquaculture

અવસાન નોંધ



સ્વ. મોંઘીબેન સવજીભાઈ શિહોરા,
ઉંમર વર્ષ : ૯૯, ગામ: દેપલા

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી મોંઘીબેન સવજીભાઈ શિહોરાનો સ્વર્ગવાસ થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રભુને પ્રાર્થના.

"લી."
ઓઘવજીભાઈ સવજીભાઈ શિહોરા. (૯૮૨૫૩૮૭૭૮૦)
શૈલેષભાઈ ઓઘવજીભાઈ શિહોરા. (૯૮૨૫૧૫૫૫૬)

નિવાસ સ્થાન
૫૫, શાંતિવન સોસાયટી, એલ. એચ. રોડ, વરાછા, સુરત

નોંધ
સદ્‌ગદ્‌નું વોટ્સએપ બેસણું તા ૯/૧૧/૨૦૨૬ સોમવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ રાખેલ છે.

ઘરે બેસવાની પ્રથા બંધ રાખેલ છે.